ફેકસ : (૦૭૯)૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬ અને ૨૬૩૦૦૬૬૪
ટેલિગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

નં.આર/ ૧૨૩૧ /૨૦૨૧ તા.૩૧-૧૨-૨૦૨૧

**પ્રતિ**
**યુનિવર્સિટી તમામ વિભાગીય વડાશ્રીઓ તેમજ ડાયરેકટરશ્રીઓ**

## પરિપત્ર

**વિષય : વર્ષ : ૨૦૨૨ યુનિવર્સિટીના તમામ ભવનો તથા વિભાગોમાં પ્રવેશ અંગે**

**સંદર્ભ : સામાન્ય વહીવટ વિભાગનો પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ તા.૩૧-૧૨-૨૦૨૧**

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના ઉપરોકત તા.૩૧/૧૨/૨૦૨૧ના ઠરાવ અન્વયે આપના વિભાગ/ભવનોમાં મુલાકાતીઓના પ્રવેશ અંગે કોરોના રસીના બન્ને ડોઝ લીધા છે કે કેમ? તે પ્રમાણપત્રના આધાર ખાત્રી કર્યા બાદ આપના વિભાગ તેમજ ભવનમાં પ્રવેશ અપાય તે બાબતે સંબંધીત ભવનો/વિભાગના વડાએ તે અંગે વ્યવસ્થા ગોઠવવાની રહેશે. આ સાથે સદર પરિપત્રની નકલ સામેલ કરેલ છે.

Sd/-
**કુલસચિવ**

**બિડાણ : સામાન્ય વહીવટી વિભાગનો તા. ૩૧-૧૨-૨૦૨૧નો પરિપત્ર**

રાજ્યની તમામ સરકારી, અર્ધ સરકારી કચેરીમાં તથા ઉપક્રમોમાં પ્રવેશ માટે **Covid Vaccine Certificate** (કોવિડ રસીકરણ અંગેનું પ્રમાણપત્ર) ફરજીયાત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૧/૧૨/૨૦૨૧.

**પરિપત્ર:**

રાજ્યમાં કોવિડની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં, સચિવાલયના તમામ વિભાગો, રાજ્યની તમામ સરકારી, અર્ધ સરકારી કચેરીઓ, બોર્ડ, કોર્પોરેશન, પૂર્ણ કે આંશિક સરકારી અનુદાન લેતી સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ તથા ઉપક્રમોમાં પ્રવેશ અંગે **નીચે મુજબની સૂચનાઓનો તા.૦૧/૦૧/૨૦૨૨થી અમલ કરવાનો રહેશે.**

**(૧)** સચિવાલય પરિસરમાં આવેલ વિવિધ વિભાગો તથા સ્વર્ણિમ સંકુલમાં આવતા મુલાકાતીઓ માટે બુથ પર પ્રવેશ પાસ કાઢતી વખતે મુલાકાતીએ કોરોનાની રસીના બન્ને ડોઝ લીધા છે કે કેમ, તે પ્રમાણપત્રના આધારે બુથ પરના કર્મચારી/અધિકારીએ સુનિશ્ચિત કર્યા બાદ જ પ્રવેશ પાસ ઇશ્યુ કરવાનો રહેશે.

**(૨)** આ ઉપરાંત રાજ્યની તમામ સરકારી, અર્ધ સરકારી કચેરીઓ, બોર્ડ, કોર્પોરેશન, પૂર્ણ કે આંશિક સરકારી અનુદાન લેતી સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ તથા ઉપક્રમોમાં આવતા મુલાકાતીઓએ કોરોનાની રસીના બન્ને ડોઝ લીધા છે કે કેમ, તે પ્રમાણપત્રના આધારે ખાતરી કર્યા બાદ જ કચેરીમાં પ્રવેશ અપાય તે બાબતે સંબંધિત કચેરીના વડાએ તેઓની કચેરીમાં વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.કે.રાકેશ)
અધિક મુખ્ય સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.